## સ્વાધ્યાય 10.1

**1. રેખા AB દોરો અને તેની બહાર બિંદુ C લો. C માંથી, AB ને સમાંતર રેખા, માત્ર માપપટ્ટી અને પરિકરના ઉપયોગથી દોરો.**

**જ.** **પક્ષ :** રેખા AB અને રેખા AB ની બહાર બિંદુ C

**રચના :** રેખા AB ની બહાર બિંદુ C માંથી AB ને સમાંતર રેખા




**રચનાના સોપાન :**

(a) રેખા AB દોરો.

(b) રેખા AB ની બહાર બિંદુ C લો.

(c) રેખા AB પર બિંદુ D લો.

(d) રેખાખંડ CD જોડો.

(e) બિંદુ D માંથી અનુકુળ ત્રિજ્યા લઇ ચાપ રચો જે રેખા AB ને E માં અને રેખાખંડ DC ને F માં છેદે છે.

(f) આ ત્રિજ્યા બદલ્યા સિવાય બિંદુ C માંથી ચાપ GH રચો જે રેખાખંડ DC ને I માં છેદે છે.

(g) EF જેટલી ત્રિજ્યા લઇ બિંદુ I માંથી ચાપ રચો. આ ચાપ, ચાપ GH ને જ્યાં છેદે તેને નામ આપો બિંદુ J.

(h) બિંદુ J અને બિંદુ I ને જોડતી રેખા દોરો.

રેખા JI એ માગેલી રેખા છે, એટલેકે AB ∥ JI છે.

**2.** **રેખા $l$ દોરો. $l$ ના કોઈ પણ એક બિંદુ આગળ $l$ ને લંબ રેખા દોરો. આ લંબ રેખા પર બિંદુ X લો. જે $l$ થી 4 સેમી દૂર હોય, X માંથી $l$ ને સમાંતર રેખા $m$ દોરો.**

જ. **પક્ષ :** રેખા $l$ , રેખા $l$ નો લંબ , રેખા $l$ ની બહાર 4 સેમી અંતરે બિંદુ X

**રચના :** $l \parallel m$




**રચનાના સોપાન :**

(a) રેખા $l$ દોરો. રેખા $l$ પર બિંદુ P લો.

(b) બિંદુ P માંથી રેખા $l$ ની લંબરેખા $n$ દોરો.

(c) આ લંબરેખા $n$ પર PX = 4 થાય તેવું બિંદુ X લો.

(d) બિંદુ X માંથી રેખા $n$ ની લંબરેખા $m$ દોરો.

રેખા $m$ એ માગેલી રેખા છે, એટલેકે $l \parallel m$ છે.

3. **રેખા $l$ અને તેના પર ન હોય તેવું બિંદુ P લો. P માંથી $l$ ને સમાંતર રેખા $m$ દોરો. P ને, $l$ પરના કોઈક બિંદુ Q સાથે જોડો. $m$ પર કોઈ બિંદુ R લો. R માંથી PQ ને સમાંતર રેખા દોરો. ધારોકે આ રેખા $l$ ને S માં મળે છે. આ સમાંતર રેખાઓ કયો આકાર બનાવે છે ?**

જ. **પક્ષ :** રેખા $l$ , રેખા $l$ પર ન હોય તેવું બિંદુ P

**રચના :** $l \parallel m$ અને $PQ \parallel RS$




**રચનાના સોપાન :**

(a) રેખા $l$ દોરો. રેખા $l$ પર ન હોય તેવું બિંદુ P દોરો.

(b) રેખા $l$ પર બિંદુ Q લો. અને રેખા PQ જોડો.

(c) બિંદુ P માંથી એવો ખૂણો રચો કે જેથી $\angle Q = \angle P$ થાય.

(d) બિંદુ P માંથી રેખા $m$ દોરો.

(e) રેખા $m$ પર બિંદુ R લો. અને બિંદુ R માંથી એવો ખૂણો રચો કે જેથી $\angle P = \angle R$ થાય.

(f) બિંદુ R માંથી રેખા RS દોરો.

તેથી, આપણને સમાંતરબાજુ ચતુષ્કોણ **PQRS** મળશે.